# કે.ડી. NEWS

તારીખ : 24/07/2026

## સાવરકુંડલા-લીલીયાનાં ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા

# દરબારગઢની સુચક મુલાકાતે....



## દરબારગઢની જગ્યાનું ટીમ સાથે નિરીક્ષણ કર્યુ તેમજ કે.ડી.ન્યુઝની શુભેચ્છા મુલાકાત લેતા ધારાસભ્યશ્રી

સાવરકુંડલા શહેરમાં અત્યારે અનેક જગ્યાએ વિકાસકાર્યો ચાલી રહ્યાં છે. તે માટે તેમની ટીમ દ્વારા નિરીક્ષણ કરીને લોકોની પડતી હાલાકી ઓછી કરવા માટે સક્રિય ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા કે.ડી. ન્યુઝની મુલાકાતે...



તારીખ : 24/07/2026

# સાવરકુંડલામાં ચાતુર્માસ નિમિત્તે સાધ્વીજી ભગવંતોનો મંગલ પ્રવેશ સંપન્ન











સાવરકુંડલાની પાવન ધરા પર ચાતુર્માસ નિમિત્તે પરમ પૂજ્ય સાધ્વી ભગવંતોનો મંગલ પ્રવેશ આજે શ્રદ્ધા, ભક્તિ અને ધર્મમય વાતાવરણ વચ્ચે ભવ્ય રીતે સંપન્ન થયો હતો.દીક્ષા યુગ પ્રવર્તક પરમ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબના સમુદાયવર્તી તથા જીર્ણોદ્ધાર જ્યોતિર્ધર, તીર્થોદ્ધાર કેસરી પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી મુક્તિપ્રભ સૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાનુંવર્તી, દીર્ઘ સંયમી અને શાંત સ્વભાવી પરમ પૂજ્ય સાધ્વી શ્રી પદ્મલતા શ્રીજી મહારાજ સાહેબાના શિષ્યરત્ના *પરમ પૂજ્ય સાધ્વી શ્રી તત્વદર્શિતા શ્રીજી મહારાજ સાહેબ તથા પરમ પૂજ્ય સાધ્વી શ્રી જયદર્શિતા શ્રીજી મહારાજ સાહેબનો ચાતુર્માસાર્થે મંગલ પ્રવેશ* આજે સવારે 6:00 કલાકે ભાવિકોના જયઘોષ વચ્ચે સંપન્ન થયો હતો.મંગલ પ્રવેશ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ અને ધર્મપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુરુભગવંતોના પાવન સાનિધ્યમાં આગામી ચાતુર્માસ દરમિયાન ધાર્મિક પ્રવચનો, સ્વાધ્યાય, આરાધના, તપ અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.*શેઠ ધર્મદાસ શાંતિદાસની પેઢીના પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ રતિલાલ મહેતાએ* જણાવ્યું હતું કે, ચાતુર્માસ દરમિયાન યોજાનારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં વધુમાં વધુ સંખ્યામાં જોડાઈ ધર્મલાભ લેવા તમામ ભાવિકોને હાર્દિક આમંત્રણ છે.આ પ્રસંગે જૈન સમાજના આગેવાનો, શ્રાવક-શ્રાવિકાઓ અને ભાવિકોએ સાધ્વીજી ભગવંતોનું ભાવભેર સ્વાગત કર્યું હતું.

તારીખ : 24/07/2026

# સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની જાહેર અપીલ




શેત્રુંજી નદીમાં પાણીની આવક વધતા નદીકાંઠાના ગામોના નાગરિકોને સતર્ક રહેવા અનુરોધઉપરવાસમાં થઈ રહેલા ભારે વરસાદને પગલે શેત્રુંજી નદીમાં સતત પાણીની આવક વધી રહી હોવાનું જણાવ્યું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સાવરકુંડલા તથા લીલીયા તાલુકાના નદીકાંઠાના ગામોમાં પૂરની સ્થિતિ સર્જાવાની શક્યતા હોવાથી સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા એ નાગરિકોને વિશેષ સાવચેતી રાખવા અપીલ કરી છે.ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું છે કે તમામ નાગરિકો સલામત સ્થળે રહે, અત્યંત જરૂરી કામ સિવાય ઘરની બહાર ન નીકળે તેમજ નદી, કોઝવે અને પાણી ભરાયેલા વિસ્તારો તરફ જવાનું ટાળે. સ્થાનિક વહીવટી તંત્ર, પોલીસ અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા તેમણે અનુરોધ કર્યો છે.

તારીખ : 24/07/2026

# સાવરકુંડલા તાલુકામાં બે ઇંચ વરસાદ, શેત્રુંજી નદીમાં ઘોડાપૂર; જુનાસાવર માર્ગ પાણીમાં ગરકાવ



સાવરકુંડલા તાલુકામાં છેલ્લા કેટલાક કલાકોથી પડેલા ધોધમાર વરસાદને પગલે અંદાજે બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. ઉપરાંત ઉપરવાસમાં થયેલા સારા વરસાદના કારણે તાલુકાના અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે.ઉપરવાસમાંથી આવેલા ભારે પાણીના પ્રવાહને કારણે જુનાસાવર જવાના માર્ગ પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર પર અસર પડી છે. માર્ગ પરથી પાણીનો પ્રવાહ વહેતા લોકોને સાવચેતી રાખવાની અને જરૂરી ન હોય તો આ માર્ગ પર મુસાફરી ટાળવાની અપીલ કરવામાં આવી રહી છે.બીજી તરફ તાલુકાના અનેક ખેતરોમાં પણ વરસાદી પાણી ભરાઈ ગયા છે, જેના કારણે ખેડૂતોમાં ચિંતા સાથે ખુશીનો માહોલ પણ જોવા મળી રહ્યો છે. પૂરતા વરસાદથી પાક માટે લાભદાયી સ્થિતિ સર્જાઈ હોવા છતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ઊભી થઈ છે.ઉપરવાસમાં ભારે વરસાદના કારણે શેત્રુંજી નદીમાં પણ ઘોડાપૂર આવ્યું છે. નદીના પાણીના સ્તરમાં નોંધપાત્ર વધારો થતાં નદીકાંઠાના વિસ્તારોમાં વહીવટી તંત્ર દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે. સ્થાનિકોને નદી અને પાણી ભરાયેલા વિસ્તારોની નજીક ન જવા તેમજ તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.





નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 24/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

## ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. હર્ષ ધર્મેન્દ્રભાઈ સૂચક

(ઉ.વ.૨૪), સ્વ.તા. ૨૪/૭/૨૫

આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણોમાં તમારી
અણધારી વસમી વિદાય જીવનમાં શુન્યાવકાશ સર્જી ગઈ.
પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે.
હજુ પણ તમે છો અને સદૈવ અમારા
અંતરપટ પર રહેશો એ જ
અમારી અશ્રુભીની આંખે પ્રાર્થના..

**ધર્મેશ કિશોરલાઇ સુચક**

રૂપાબેન ધર્મેશલાલ સુચક * રીશી ધર્મેશલાલ સુચક

તારીખ : 24/07/2026

# ભારે વરસાદને લઈ રાજ્ય સરકાર સતર્ક; મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે અધિકારીઓને આપ્યા જરૂરી નિર્દેશ










રાજ્યમાં ભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સતત સમગ્ર સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર પરથી તેમણે અસરગ્રસ્ત જિલ્લાઓના કલેક્ટરો સાથે સીધો સંપર્ક સાધી વરસાદની સ્થિતિ, બચાવ અને રાહત કામગીરી સહિતની વિસ્તૃત માહિતી મેળવી હતી.મુખ્યમંત્રીએ ભારતીય હવામાન વિભાગના અધિકારીઓ પાસેથી આગામી દિવસોમાં રાજ્યમાં વ્યાપક વરસાદની સંભાવના અંગે પણ વિગતવાર માહિતી મેળવી હતી. ખાસ કરીને રાત્રિના સમયે વરસાદની શક્યતા હોવાથી જિલ્લાતંત્રને હાઈ એલર્ટ પર રહી સતર્કતાપૂર્વક સ્થિતિ પર સતત નજર રાખવા અને કોઈપણ આપત્તિજનક પરિસ્થિતિમાં તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે.સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓ સાથે હોટલાઈન મારફતે સતત સંપર્ક જાળવી રાખવામાં આવી રહ્યો છે. રાજ્યનું સમગ્ર વહીવટી તંત્ર પૂરતા મેનપાવર, આધુનિક સાધનસામગ્રી અને જરૂરી સંસાધનો સાથે સજ્જ હોવાનું મુખ્યમંત્રીએ જણાવ્યું છે.ભારે વરસાદને પગલે દક્ષિણ ગુજરાતમાં દિવસ દરમિયાન ૩૫૨ લોકોનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે.

ઉપરાંત નવસારી અને વલસાડ જિલ્લામાં ૨૨ હજારથી વધુ લોકોને સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે, જેથી જાનહાનિ ટાળી શકાય.બચાવ અને રાહત કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે એનડીઆરએફ (N D R F ) ની ચાર ટીમો દક્ષિણ ગુજરાતમાં તૈનાત કરવામાં આવી છે, જ્યારે એક ટીમ સુરતમાં સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. આ ટીમો બોટ સહિતના આધુનિક બચાવ સાધનો સાથે જિલ્લાતંત્રને સહાયરૂપ બની રહી છે. ઉપરાંત સૌરાષ્ટ્રના સંવેદનશીલ જિલ્લાઓમાં પણ સાવચેતીના ભાગરૂપે NDRF તેમજ SDRFની ટીમોને તૈનાત રાખવામાં આવી છે.મુખ્યમંત્રીએ અધિકારીઓને વરસાદ બંધ થયા બાદ પાણી ઓસરતાની સાથે જ અસરગ્રસ્ત વિસ્તારોમાં સાફ-સફાઈ, માર્ગ મરામત, પીવાના પાણીની વ્યવસ્થા તથા આરોગ્ય સંબંધિત જરૂરી કામગીરી ઝડપથી હાથ ધરવા પણ સૂચના આપી છે.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજ્યના નાગરિકોને પણ અપીલ કરી છે કે, ભારે વરસાદ દરમિયાન બિનજરૂરી મુસાફરી ટાળે, તંત્ર દ્વારા જાહેર કરવામાં આવતી સૂચનાઓનું પાલન કરે અને કોઈપણ ઈમરજન્સી સ્થિતિમાં સ્થાનિક વહીવટી તંત્રનો સંપર્ક કરે.

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 24/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...



તારીખ : 24/07/2026

# કાલ થી દેવશયની એકાદશીથી ચાતુર્માસનો પ્રારંભ: મોળાકત (ગૌરીવ્રત) અને જયા પાર્વતી વ્રતનો આરંભ, ઉપવાસનું ધાર્મિક સાથે વૈજ્ઞાનિક મહત્વ પણ વિશેષ



આ વર્ષે શનિવાર, તા. 25 જુલાઈ, 2026ના રોજ આવતી દેવશયની (દેવપોઢી) એકાદશીથી હિન્દુ ધર્મના પવિત્ર ચાતુર્માસનો પ્રારંભ થશે.આ દિવસથી ભગવાન શ્રીવિષ્ણુ ક્ષીરસાગરમાં યોગનિદ્રામાં પ્રવેશ કરે છે અને ચાર માસ બાદ દેવઉઠી એકાદશીના દિવસે જાગૃત થાય છે. આ ચાર માસ દરમિયાન ધાર્મિક અનુષ્ઠાન, જપ-તપ, દાન, વ્રત, સત્સંગ અને સંયમને વિશેષ મહત્વ આપવામાં આવે છે.ચાતુર્માસ દરમિયાન ઋતુ પરિવર્તન થતું હોવાથી આયુર્વેદમાં પણ આ સમયને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. વરસાદી ઋતુમાં પાચનશક્તિ નબળી પડતી હોવાથી હળવો, સાત્વિક અને સુપાચ્ય આહાર લેવાની તેમજ ઉપવાસ રાખવાની પરંપરા આરોગ્યની દૃષ્ટિએ પણ લાભદાયી માનવામાં આવે છે. આ રીતે ચાતુર્માસનું ધાર્મિક મહત્વ જેટલું છે, તેટલું જ તેનું વૈજ્ઞાનિક મહત્વ પણ રહેલું છે.દેવશયની એકાદશીથી શનિવાર, તા. 25 જુલાઈથી બુધવાર, તા. 29 જુલાઈ, 2026 સુધી સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના અનેક વિસ્તારોમાં કુમારિકાઓ દ્વારા *મોળાકત (ગૌરીવ્રત)*નું પાલન કરવામાં આવશે. આ વ્રત દરમિયાન બાળાઓ માતા પાર્વતીની ઉપાસના કરી સુખ, સમૃદ્ધિ, સદગુણ અને દિવ્ય આશીર્વાદની પ્રાર્થના કરે છે. સમગ્ર બ્રહ્માંડનું સંચાલન કરતી આદિશક્તિ મા પાર્વતી, અંબા, દુર્ગા, કાળી સહિત અનેક સ્વરૂપોની આરાધના કરવામાં આવે છે.આ ઉપરાંત સોમવાર, તા. 27 જુલાઈથી શનિવાર, તા. 1 ઓગસ્ટ, 2026 સુધી યુવતીઓ દ્વારા જયા પાર્વતી વ્રતનું પાલન કરવામાં આવશે. આ વ્રત શક્તિભક્તિનું પવિત્ર પર્વ માનવામાં આવે છે. અખંડ સૌભાગ્ય, મનગમતા જીવનસાથીની પ્રાપ્તિ, સુખી દાંપત્યજીવન તથા પરિવારના કલ્યાણની ભાવના સાથે યુવતીઓ મા જયા પાર્વતીની આરાધના કરે છે. વ્રત દરમિયાન નિયમિત પૂજન, ઉપવાસ, ભજન-કીર્તન અને ધાર્મિક અનુષ્ઠાનોનું આયોજન કરવામાં આવે છે.ચાતુર્માસના પ્રારંભ સાથે સમગ્ર રાજ્યના મંદિરોમાં વિશેષ પૂજન, કથા, સત્સંગ, ભજન, ધાર્મિક પ્રવચનો અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોની શરૂઆત થશે. આ પવિત્ર સમયગાળો આધ્યાત્મિક ચિંતન, આત્મશુદ્ધિ, સંયમ અને સેવાભાવનો સંદેશ આપતો હોવાથી ભક્તોમાં વિશેષ શ્રદ્ધા અને ઉત્સાહ જોવા મળશે.

કે.ડી. NEWS

તારીખ : 24/07/2026

# અમદાવાદમાં મેઘતાંડવ

## 14 કલાકમાં 15 ઇંચ વરસાદ, શહેર જળબંબાકાર, વલસાડ નવસારી સુરત વિસ્તારમાં આર્મીની ટીમો તહેનાત

ગુજરાતમાં ચોમાસાએ ફરી એકવાર રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ભારે વરસાદે જનજીવનને અસ્તવ્યસ્ત બનાવી દીધું છે. છેલ્લા 14 કલાક દરમિયાન શહેરમાં અંદાજે 15 ઈંચ જેટલો વરસાદ નોંધાતા અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. શહેરના મુખ્ય માર્ગો, રહેણાંક વિસ્તારો અને અંડરપાસોમાં પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો અને હજારો લોકો રસ્તાઓ પર અટવાઈ પડ્યા હતા.ભારે વરસાદને પગલે રાજ્ય સરકારે બચાવ અને રાહત કામગીરીને વેગ આપ્યો છે. અમદાવાદ સહિત અસરગ્રસ્ત વિસ્તારોમાં પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. જ્યારે દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી અને સુરત જિલ્લામાં આર્મીની ટીમોએ બચાવ કામગીરી હાથ ધરી હતી. રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન પૂરના પાણીમાં ફસાઈ ગયેલી એક બસના મુસાફરોને સલામત રીતે બહાર કાઢી સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર બચાવ કામગીરીના સંકલન માટે 10 વરિષ્ઠ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.અમદાવાદ શહેરમાં પડેલો વરસાદ સમગ્ર ચોમાસાની સિઝનના કુલ વરસાદના અંદાજે 40 ટકા જેટલો માત્ર એક જ દિવસમાં નોંધાયો હોવાનું સામે આવ્યું છે. શહેરના બોપલ, સરખેજ, જોધપુર, બોડકદેવ સહિતના અનેક વિસ્તારોમાં ગોઠણથી લઈને કમર સુધી પાણી ભરાઈ ગયા હતા. અનેક વાહનો પાણીમાં ફસાઈ ગયા હતા અને રહેણાંક વિસ્તારોમાં પણ પાણી ઘૂસી જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

શહેરમાં કુલ 43 સોસાયટીઓ અને 82 રસ્તાઓ પર પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદને કારણે 85 જેટલા વૃક્ષો ધરાશાયી થયાના બનાવો નોંધાયા હતા, જ્યારે સુરક્ષાના કારણોસર 8 અંડરપાસ તાત્કાલિક બંધ કરવામાં આવ્યા હતા. મહાનગરપાલિકા, ફાયર બ્રિગેડ, પોલીસ અને અન્ય તંત્ર દ્વારા સતત પાણીના નિકાલ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.શૈક્ષણિક સંસ્થાઓ પર પણ ભારે વરસાદની અસર જોવા મળી હતી. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શુક્રવાર, તા. 24 જુલાઈ, 2026ના રોજ



અમદાવાદ જિલ્લામાં શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક કાર્ય સ્થગિત રાખવામાં આવ્યું હતું. ગુરુવારે પણ સવારથી ભારે વરસાદને કારણે બપોર બાદ શાળાઓ બંધ કરવાની ફરજ પડી હતી.બપોરના સમયે વરસાદમાં થોડો વિરામ મળતાં લોકોને આંશિક રાહત મળી હતી, પરંતુ હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરતાં નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા અને વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરવામાં આવી છે. રાજ્ય સરકાર, સ્થાનિક તંત્ર, એનડીઆરએફ, એસડીઆરએફ અને આર્મી દ્વારા સતત પરિસ્થિતિ પર નજર રાખીને બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ રાખવામાં આવી રહી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 24/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. **94997 97973** માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

હવે બનશે આપના

# ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

## દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ




### મુખ્ય સુવિધાવો

- અનલિમિટેડ કેટેગરીઝ & પ્રોડક્ટ
- વિડિયો ગેલેરી
- કોન્ટેક્ટ ડીટેલ્સ
- વોટસઅપ ડાયરેક્ટ ચેટ
- ક્લિક ટુ કોલ
- ગુગલ મેપ લોકેશન
- બિઝનેસ માહિતી અપડેટ કરવાની સુવિધા
- કસ્ટમર રિવ્યુઝ
- સોશ્યલ મીડિયા લિંક્સ

### જેમાં આપને મળશે..

- તમારો પોતાનો ડીઝીટલ સ્ટોર
- તમારા ધંધાનું ઓનલાઈન માર્કેટ
- ગ્રાહકો સાથે સીધી વાત
- ઓર્ડર અને ગ્રાહકોનો સરળ રેકોર્ડ
- મોબાઈલમાં સરળ અને ઝડપી મેનેજમેન્ટ
- ગ્લોબલ ટાર્ગેટ ઓડિયન્સ
- વિશ્વસનીય, સુરક્ષિત અને વિશ્વાસપાત્ર

## વિશ્વસનીય, સુરક્ષિત અને વિશ્વાસપાત્ર

100% સુરક્ષિત | ઝડપી & સરળ ઉપયોગ | 24x7 સપોર્ટ | ધંધામાં વધુ પ્રગતિ

તારીખ : 24/07/2026

# વેસ્ટમાંથી બેસ્ટ કૃતિઓ બનાવી ગુરુકુળ સાયન્સ વિભાગના વિદ્યાર્થીઓએ સર્જનાત્મકતાનો આપ્યો પરિચય...







સાવરકુંડલા: શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલાના સાયન્સ વિભાગના ધોરણ 9 ના વિદ્યાર્થીઓ માટે "વેસ્ટમાંથી બેસ્ટ" વિષય પર સર્જનાત્મક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ ઘરમાંથી એકત્ર કરેલી નકામી વસ્તુઓનો ઉપયોગ કરીને સુંદર અને ઉપયોગી કૃતિઓ તૈયાર કરી સૌનું ધ્યાન આકર્ષિત કર્યું.વિદ્યાર્થીઓએ પ્લાસ્ટિકની બોટલો, કાર્ડબોર્ડ, જૂના અખબારો, વપરાયેલી સીડી, કાચની બોટલો, કપડાં તથા અન્ય વેસ્ટ સામગ્રીમાંથી શૈક્ષણિક મોડેલો, સુશોભન સામગ્રી, ઉપયોગી ઘરવપરાશની વસ્તુઓ અને પર્યાવરણ જાગૃતિનો સંદેશ આપતી કૃતિઓ બનાવી હતી. વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ, વૈજ્ઞાનિક અભિગમ અને સર્જનાત્મકતાની સૌએ પ્રશંસા કરી હતી.આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં Reduce, Reuse અને Recycleની ભાવના વિકસાવવી, પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવી તેમજ કચરામાંથી ઉપયોગી વસ્તુઓ બનાવવાની કળા વિકસાવવાનો હતો.સંસ્થા નાં મેનેજીંગ ટ્રસ્ટી કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી, ડાયરેક્ટર શ્રી,આચાર્યશ્રી અને શિક્ષકગણે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક વિચારશક્તિ, આત્મવિશ્વાસ, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો વિકાસ કરે છે. અંતે વિદ્યાર્થીઓની કૃતિઓનું પ્રદર્શન યોજાયું, જેને સૌએ ખૂબ જ સરાહના કરી સંસ્થા ના વડા શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી એ આશીર્વાદ આપ્યા હતા.

કે.ડી. NEWS

તારીખ : 24/07/2026

# મુખ્યમંત્રીશ્રીએ અમરેલી જિલ્લા પોલીસની 'મિશન સ્માઈલ' પહેલને SKOCH Award મળવા બદલ પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાતને અભિનંદન પાઠવ્યા



બાળ સુરક્ષા • બાળ કલ્યાણ • સુરક્ષિત ભવિષ્ય

ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૨૩-૦૭-૨૦૨૬

**સંદેશ**

અમરેલી જિલ્લા પોલીસની બાળ સુરક્ષા અને કલ્યાણ અર્થેની અનુકરણીય પહેલ "મિશન સ્માઇલ"ને પ્રતિષ્ઠિત "SKOCH Award"થી સન્માનિત કરવામાં આવેલ છે જે માટે અભિનંદન.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિઝન અનુસાર, દેશના બાળકો માત્ર ભવિષ્યના નાગરિકો જ નહીં, પરંતુ 'વિકસિત ભારત@૨૦૪૭'નો મુખ્ય આધારસ્તંભ છે. માનનીય વડાપ્રધાનશ્રી હંમેશાં પ્રત્યેક બાળકને સુરક્ષિત, શિક્ષિત, સ્વસ્થ અને સન્માનપૂર્ણ વાતાવરણ મળે તથા તેઓ આત્મવિશ્વાસ કેળવે તેના પર વિશેષ ભાર મૂકે છે. 'બેટી બચાવો, બેટી પઢાવો', 'નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020)', 'પોષણ અભિયાન' અને બાળ આરોગ્યની વિવિધ પહેલો દ્વારા બાળ વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી છે. તેમનું આ વિઝન માત્ર બાળ કલ્યાણ પૂરતું મર્યાદિત નથી, પરંતુ એક સુરક્ષિત, સશક્ત અને આત્મનિર્ભર રાષ્ટ્રના નિર્માણની મજબૂત નીંવ છે.

આ જ દૃષ્ટિકોણને સાકાર કરવાની દિશામાં અમરેલી જિલ્લા પોલીસ દ્વારા શરૂ કરાયેલ "મિશન સ્માઇલ"એ એક વ્યાપક જન-આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું છે. આ અભિયાન અંતર્ગત શાળાઓ અને આંગણવાડીઓમાં બાળકો, શિક્ષકો, વાલીઓ અને કર્મચારીઓને ગુડ ટચ-બેડ ટચ, પોક્સો કાયદો, સાયબર સુરક્ષા, આત્મરક્ષા તેમજ શોષણ સામે નિર્ભયતાથી અવાજ ઉઠાવવા અંગે માર્ગદર્શન આપી એક સુરક્ષિત અને જાગૃત સામાજિક તંત્ર ઊભું કરવામાં આવ્યું છે.

"SKOCH Award"એ લોકઉપયોગી કાર્યની રાષ્ટ્રીય સ્તરે થયેલી ઉત્કૃષ્ટ સ્વીકૃતિ છે, જે સમગ્ર દેશમાં બાળ સુરક્ષા ક્ષેત્રે એક પ્રેરણાદાયી મોડેલ તરીકે ઉભરી આવી છે. આ પહેલ અન્ય જિલ્લાની પોલીસ માટે પણ દીવાદાંડી સમાન બનશે. આ સિદ્ધિ બદલ અમરેલી જિલ્લા પોલીસ ટીમ તેમજ આ અભિયાન સાથે જોડાયેલા તમામ શિક્ષકો, આંગણવાડી કાર્યકરો અને સહયોગી સંસ્થાઓને હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન પાઠવું છું.

આપનો,
(ભૂપેન્દ્ર પટેલ)

Shree Sanjay Kharat, (IPS)
Superintendent of Police,
Amreli.
jp/ab/2026/07/23/apro

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા બાળ સુરક્ષા અને બાળ કલ્યાણ માટે હાથ ધરવામાં આવેલી અનુકરણીય પહેલ *"મિશન સ્માઈલ"*ને પ્રતિષ્ઠિત SKOCH Awardથી સન્માનિત થવા બદલ અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાતને અભિનંદન પાઠવ્યા હતા.'મિશન સ્માઈલ' અંતર્ગત અમરેલી જિલ્લા પોલીસે બાળ સુરક્ષા, બાળ અધિકારોના સંરક્ષણ, ગુમ થયેલા બાળકોને પરિવાર સાથે પુનઃમિલન કરાવવાની કામગીરી, બાળમૈત્રીપૂર્ણ પોલીસિંગ તેમજ બાળકોના સર્વાંગી કલ્યાણ માટે વિવિધ અસરકારક પહેલો અમલમાં મૂકી છે. આ કામગીરીને રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર માન્યતા મળતાં પ્રતિષ્ઠિત SKOCH Award એનાયત કરવામાં આવ્યો છે.આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ અમરેલી જિલ્લા પોલીસની જનકલ્યાણલક્ષી કામગીરીની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે બાળ સુરક્ષા માટેની આવી સંવેદનશીલ તથા પરિણામલક્ષી પહેલો અન્ય જિલ્લાઓ માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.આ સન્માન અમરેલી જિલ્લા પોલીસની ટીમવર્ક, સમર્પણ અને સમાજપ્રત્યેની જવાબદારીનું ગૌરવપૂર્ણ પ્રતિબિંબ હોવાનું જણાવી મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા પોલીસના સમગ્ર સ્ટાફને શુભેચ્છાઓ પાઠવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 24/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...






કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

કે.ડી. NEWS

તારીખ : 24/07/2026

# મોટા ઝીંઝુડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ગામની નર્સરીની શૈક્ષણિક મુલાકાત લઈ પ્રકૃતિનું મહત્વ જાણ્યું





શિક્ષણ માત્ર વર્ગખંડની ચાર દીવાલો પૂરતું સીમિત નથી. પ્રકૃતિ, પર્યાવરણ અને સમાજમાંથી પણ જીવન ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત થાય છે. વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, વૃક્ષપ્રેમ અને પ્રકૃતિ પ્રત્યે સંવેદના કેળવવાના હેતુથી મોટા ઝીંઝુડા પ્રાથમિક શાળા દ્વારા  ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓ માટે ગામની નર્સરીની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.નર્સરી ખાતે વિદ્યાર્થીઓએ હરિયાળું અને પ્રકૃતિમય વાતાવરણ, સ્વચ્છ હવા, વિવિધ પ્રકારના વૃક્ષો, છોડ તથા ફૂલોનું નિરીક્ષણ કરી આનંદ અનુભવ્યો. સૌપ્રથમ વિદ્યાર્થીઓને શિસ્તબદ્ધ રીતે બેસાડવામાં આવ્યા બાદ શાળાના શિક્ષક શ્રી વિભાકરભાઈએ નર્સરીનું મહત્વ, તેના હેતુ તેમજ વિવિધ છોડ અને વૃક્ષોના માનવજીવનમાં રહેલા ઉપયોગ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ શિક્ષિકા શ્રીમતી પૂજાબેને વન્યજીવો, જંગલોનું મહત્વ અને વિવિધ પ્રાણીઓ વિશે રસપ્રદ માહિતી આપી.આ પ્રસંગે નર્સરીના આર.એફ.ઓ. શ્રી એમ.એ. મકવાણા સાહેબે વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જાળવવાનું મહત્વ સમજાવ્યું. વનપાલ શ્રી આર.એમ. ખુમાણ સાહેબે નર્સરીની કામગીરી અને પર્યાવરણ સંરક્ષણ અંગે ટૂંકી પરંતુ પ્રેરણાદાયી માહિતી આપી. ફોરેસ્ટ ગાર્ડ કુ. આર.ટી. લાધવાએ દીકરીઓ આજે દરેક ક્ષેત્રમાં સફળતાપૂર્વક આગળ વધી રહી છે અને આત્મવિશ્વાસ સાથે પોતાની જવાબદારીઓ નિભાવી શકે છે તે અંગે પ્રેરણાદાયી સંદેશ આપ્યો.

ત્યારબાદ શ્રી એસ.એમ. ડેગાળા સાહેબે વિદ્યાર્થીઓને નર્સરીમાં આવેલા વિવિધ વૃક્ષો, ફળઝાડ, ઔષધીય છોડ અને તેમની ઉપયોગિતાની સ્થળ પર જ વિગતવાર માહિતી આપી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નો પૂછીને જિજ્ઞાસા વ્યક્ત કરી અને પ્રકૃતિ વિશે નવી જાણકારી મેળવી. આવી શૈક્ષણિક મુલાકાતોથી પુસ્તકીય જ્ઞાન સાથે વ્યવહારુ જ્ઞાન પ્રાપ્ત થતું હોવાથી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યેનો લગાવ વધુ મજબૂત બને છે.કાર્યક્રમના અંતે સૌએ સંયુક્ત સ્મૃતિચિત્ર પડાવ્યું. નર્સરી પરિવાર દ્વારા દરેક વિદ્યાર્થીને વૃક્ષારોપણનો સંદેશ આપતા યાદગીરીરૂપે એક-એક છોડનું વિતરણ કરવામાં આવ્યું તેમજ મીઠું મોઢું કરાવી સૌને શુભેચ્છાઓ સાથે વિદાય આપવામાં આવી.આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષકશ્રી ઉમેશભાઈ, જયદીપભાઈ, કાશ્મીરાબેન, ધર્મિષ્ઠાબેન સહિત સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

કે.ડી. NEWS

તારીખ : 24/07/2026

# રાજ્યકક્ષાની સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી અંતર્ગત ૦૫ ઓગસ્ટથી ૧૪ ઓગસ્ટ સુધી વિદ્યાર્થીઓ માટે તાલુકા અને જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ યોજાશે

## નિબંધ, ચિત્ર, વક્તૃત્વ, દેશભક્તિ ગીત, ક્વિઝ જેવી રચનાત્મક સ્પર્ધાઓ દ્વારા દેશભક્તિનો માહોલ સર્જાશે

અમરેલી તા.૨૪ જુલાઈ, ૨૦૨૬ - અમરેલીમાં રાજ્યકક્ષાની સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી પહેલાં ૦૫ ઓગસ્ટથી ૧૩ ઓગસ્ટ સુધી વિદ્યાર્થીઓ માટે તાલુકા અને જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ યોજાશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા વિવિધ સ્પર્ધાઓની તારીખ જાહેર કરવામાં આવી છે. આ સ્પર્ધાઓમાં ૦૯ ઓગસ્ટે તાલુકા કક્ષાની અને ૧૦ ઓગસ્ટે જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓ થશે. આ સ્પર્ધામાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, ક્વિઝ કોમ્પિટીશન, રમતગમત સ્પર્ધાઓ, દેશભક્તિ ગીતોની સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધાઓ અંતર્ગત ૧૦ ઓગસ્ટે વિશ્વ સિંહ દિવસની ઉજવણી થશે. તેમજ શાળાઓમાં વૃક્ષારોપણ કાર્યક્રમ થશે૧૩ ઓગસ્ટે તાલુકા કક્ષાએ જ્યારે ૧૪ ઓગસ્ટે જિલ્લા કક્ષાએ સ્વાતંત્ર્ય દિન થીમ આધારીત મહેંદી સ્પર્ધા યોજાશે. જ્યારે ૧૩ ઓગસ્ટે શાળાઓમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગે જાગૃત્તિ અભિયાન અને વેશભૂષા સ્પર્ધા યોજાશે. વિદ્યાર્થીઓ ગામે ગામ પ્રભાતફેરી કરી સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અંગે રાષ્ટ્રભક્તિનો માહોલ સર્જશે.

તારીખ : 24/07/2026

# સાવરકુંડલા રૂરલ પોલીસમાં જી.આર.ડી. ભરતી શરૂ, 22થી 31 જુલાઈ સુધી મળશે

અરજી ફોર્મઅમરેલી જિલ્લાના સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન દ્વારા ગ્રામ રક્ષક દળ (જી.આર.ડી.) માટે ફક્ત પુરુષ ઉમેદવારોની ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ભરતી માટેના અરજી ફોર્મ 22 જુલાઈ, 2026થી 31 જુલાઈ, 2026 સુધી સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન ખાતેથી રૂબરૂ મળી શકશે.આ ભરતીમાં ભાગ લેવા માટે ઉમેદવાર ધોરણ-3 પાસ, 20થી 40 વર્ષની ઉંમરનો તેમજ ભરતી સમિતિ દ્વારા નક્કી કરાયેલા ગામોના રહેવાસી હોવો આવશ્યક છે. ભરતી માટે વિજપડી, લીંભાળા, ભમ્મર, ચીખલી, નાનીવાડાળ,વિજીયાનગર, નેસડી, ધજડી, અમરાપરા, જાબળ, આંબરડી, અમૃતવેલ, ધાર, ભૂવા અને જૂનાસાવર સહિતના ગામોના ઉમેદવારો અરજી કરી શકશે.શારીરિક કસોટીમાં ઉમેદવાર માટે 162 સે.મી. ઊંચાઈ, 50 કિલો વજન, 78થી 84 સે.મી. છાતી તેમજ 1500 મીટરની દોડ 8 મિનિટમાં પૂર્ણ કરવાની રહેશે.પોલીસ તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે અરજી ફોર્મ મેળવવા ઉમેદવારે જાતે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન ખાતે હાજર રહેવું પડશે. આ ભરતી માત્ર પુરુષ ઉમેદવારો માટે હોવાથી મહિલા ઉમેદવારોએ અરજી માટે આવવાનું રહેશે નહીં. લાયક ઉમેદવારોએ નિયત સમયમર્યાદામાં અરજી કરી આ તકનો લાભ લેવા પોલીસ વિભાગે અપીલ કરી છે.

પ્રચાર નહીં તો વેપાર નહીં...

પ્રકાશ પ્રિન્ટર્સ

## તમારા બિઝનેસ લોગો અને ડિજિટલ સાથે

# પોસ્ટર મેળવો

માત્ર **249** 1 વર્ષ માટે

બેસ્ટ ઓફર

7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ +
1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઇસની)

વોટ્સેપ + ફેઇસબુક + ઇન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે




- ફેસ્ટીવલ ઇમેજ
- ગુડ મોર્નિંગ પોસ્ટ
- ગુડ નાઇટ પોસ્ટ
- બર્થ ડે પોસ્ટ
- પોલીટીકલ પોસ્ટ
- સુવિચાર પોસ્ટ
- મોટીવેશનલ પોસ્ટ
- સ્પેશ્યલ કેટેગરી

સુપ્રસિદ્ધ સ્થાનીક સંતો મહંતોના જન્મ જયંતી તેમજ જન્મદિવસની પોસ્ટ સમાવેશ

2 દિવસે ડેમો ફ્રી

## સાથે મેળવો

અમરેલી જિલ્લાની વોટ્સેપ
તેમજ કોલીંગ ડીરેક્ટરી
અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....




દર મહિને ડ્રો કરી બે વિજેતાઓને (મેમ્બસીપ લીધેલ)
આકર્ષક ગીફ્ટ આપવામાં આવશે.

તો આજેજ કૉલ કરો અને ઓફરનો લાભ લો!

# PRAKASH PRINTERS

વધારે માહિતી માટે સંપર્ક કરો Mo. 9409545745

# બળેવ (રક્ષાબંધન) નિમિત્તે સાવરકુંડલામાં રાજગોર બ્રાહ્મણ સમાજનો 'સરસ્વતી સન્માન કાર્યક્રમ-2026' યોજાશે

શ્રી રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સમાજ - સાવરકુંડલા દ્વારા આગામી બળેવ (રક્ષાબંધન) નિમિત્તે *તા. 28 ઓગસ્ટ, 2026 (શુક્રવાર)*ના રોજ 'સરસ્વતી સન્માન કાર્યક્રમ-2026', ઈનામ વિતરણ સમારોહ તેમજ સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમ અંતર્ગત સાવરકુંડલા શહેરમાં રહેતા રાજગોર બ્રાહ્મણ સમાજના વિદ્યાર્થીઓનું શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ સન્માન કરવામાં આવશે. શૈક્ષણિક વર્ષ 2025-26 દરમિયાન બાલમંદિરથી ધોરણ-12 સુધીની પરીક્ષામાં સફળ થયેલા વિદ્યાર્થીઓમાંથી પોતાના વર્ગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

સન્માન માટે પાત્ર વિદ્યાર્થી ઓએ પોતાની માર્કશીટ ની ઝેરોક્ષની પાછળ નામ, સરનામું અને મોબાઈલ નંબર લખીને તા. 25 જુલાઈથી 10 ઓગસ્ટ, 2026 દરમિયાન દરરોજ સાંજે 6:00 થી 7:00 વાગ્યા સુધી શ્રી રાજગોર બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવન, સાવરકુંડલા ખાતે જમા કરાવવાની રહેશે.સમાજના તમામ વાલીઓ અને વિદ્યાર્થીઓને આ તકનો લાભ લેવા તેમજ નિર્ધારિત સમયમર્યાદામાં જરૂરી દસ્તાવેજો જમા કરાવવા માટે શ્રી રાજગોર બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવનની વ્યવસ્થાપક કમિટિ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

કે.ડી. NEWS
તારીખ : 24/07/2026

# "પી.એમ પોષણ યોજના" અન્વયે અમરેલી તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રમાં રસોયાની આવશ્યકતાઃ તા.૩૧ જુલાઈ સુધીમાં અરજી કરવી

અમરેલી, તા.૨૪ જુલાઈ, ૨૦૨૬ (શુક્રવાર) - પી.એમ પોષણ (મધ્યાહન ભોજન) યોજના અન્વયે જિલ્લાના અમરેલી તાલુકાના ચક્કરગઢ પ્રા. શાળા, મોટા માંડવડા પ્રા.શાળા, સાંગાડેરી પ્રા.શાળા, વરસડા પ્રા. શાળા કેન્દ્રો ખાતે રસોયાની આવશ્યકતા છે, જેમને માનદ વેતન ચૂકવવામાં આવશે. પાત્રતા ધરાવતા ઉમેદવારોએ જાહેર રજાના દિવસ સિવાય કચેરી સમય દરમિયાન તાલુકા મામલતદાર કચેરી,જિલ્લા સેવા સદન, ગ્રાઉન્ડ ફ્લોર, રાજમહેલ કેમ્પસ મધ્યાહન ભોજન શાખા-અમરેલીમાંથી નિયત અરજી ફોર્મ મેળવી લેવું. આ અરજી ફોર્મ જરૂરી વિગતો અને આધાર પુરાવાઓ સાથે તા.૩૧-૦૭-૨૦૨૬ બપોરે ૧૪.૦૦ કલાક સુધીમાં મામલતદાર કચેરી, અમરેલીની ટપાલ શાખાને પહોંચાડવાનું રહેશે. ઉંમર મર્યાદા જાહેરનામાની તારીખે ઓછામાં ઓછી ૨૦ થી ૬૦ વર્ષ હોવી જોઈએ. વધુ માહિતી પી.એમ. પોષણ (મધ્યાહન ભોજન) મામલતદાર કચેરી, અમરેલીનો સંપર્ક કરવો તેમ મામલતદારશ્રી (ગ્રામ્ય), અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

# સાવરકુંડલા આઈટીઆઈ ખાતે 29 જુલાઈએ મેગા રોજગાર ભરતીમેળો

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરીના સંયુક્ત ઉપક્રમે યુવાનોને રોજગારીની ઉત્તમ તક ઉપલબ્ધ કરાવવા માટે આગામી તા. 29 જુલાઈ, 2026ના રોજ સવારે 10:00 વાગ્યે સાવરકુંડલા સ્થિત સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) ખાતે મેગા રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.આ ભરતીમેળા માં વિવિધ ખાનગી કંપનીઓ દ્વારા લાયક ઉમેદવારોની સીધી પસંદગી કરવામાં આવશે. ઈ.ડી.એફ. ઈન્ટરનેશનલ નેટવર્ક્સ દ્વારા સ્માર્ટ મીટર ઈન્સ્ટોલરની જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે, જેમાં ઈલેક્ટ્રીશિયન અથવા વાયરમેન ટ્રેડની લાયકાત ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે.તેમજ ક્રેડિટ એક્સેસ, સાવરકુંડલા દ્વારા ટ્રેનીંગ સેન્ટર મેનેજરની જગ્યાઓ માટે ભરતી યોજાશે. આ માટે ધોરણ-10 પાસથી લઈને સ્નાતક સુધીની લાયકાત ધરાવતા ઉમેદવારો અરજી કરવા પાત્ર રહેશે.ભરતીમેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ પોતાના તમામ જરૂરી શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, આધારકાર્ડ સહિતના ઓળખપત્રો, પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ તથા અન્ય જરૂરી દસ્તાવેજો સાથે સમયસર ઉપસ્થિત રહેવા અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.આ મેગા રોજગાર ભરતીમેળો સ્થાનિક યુવાનો માટે રોજગારી મેળવવાની સુવર્ણ તક સાબિત થશે.

તારીખ : 24/07/2026

# ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની આજે જન્મજયંતિ



ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા કેશુભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે આજે રાજ્યભરમાં તેમના જાહેર જીવન અને વિકાસલક્ષી યોગદાનને સ્મરણ કરવામાં આવી રહ્યું છે.કેશુભાઈ પટેલનો જન્મ 24 જુલાઈ, 1928ના રોજ થયો હતો. તેમણે ગુજરાતના રાજકારણમાં લાંબા સમય સુધી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સંગઠનને મજબૂત બનાવવામાં, ગ્રામ્ય વિકાસને પ્રોત્સાહન આપવામાં અને લોકકેન્દ્રિત શાસન માટે તેમણે નોંધપાત્ર કામગીરી કરી હતી. તેઓ બે વખત ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા હતા અને રાજ્યના સર્વાંગી વિકાસ માટે અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લીધા હતા.તેમના કાર્યકાળ દરમિયાન ગ્રામ વિકાસ, સિંચાઈ, માર્ગ-મકાન, પીવાના પાણીની સુવિધા અને ખેડૂતોના હિત માટે વિવિધ યોજનાઓને પ્રાથમિકતા આપવામાં આવી હતી. તેઓ સાદગી, સરળતા અને કાર્યકર્તાઓ સાથેના આત્મીય સંબંધો માટે જાણીતા હતા. ભાજપના સંગઠનને રાજ્યમાં મજબૂત પાયો આપવા પાછળ તેમનું વિશિષ્ટ યોગદાન રહ્યું છે.વર્ષ 2001માં મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ પણ તેઓ જાહેર જીવનમાં સક્રિય રહ્યા હતા. વર્ષ 2012માં તેમણે ગુજરાત પરિવર્તન પાર્ટીની સ્થાપના કરી હતી, જેનું બાદમાં વર્ષ 2014માં ભાજપમાં વિલિનીકરણ થયું હતું.કેશુભાઈ પટેલના જીવનમાં વ્યક્તિગત દુઃખદ પ્રસંગો પણ આવ્યા હતા. વર્ષ 2006માં તેમની પત્ની લીલાબહેન પટેલનું અવસાન થયું હતું. ત્યારબાદ 29 ઓક્ટોબર, 2020ના રોજ તેમનું નિધન થયું હતું. તેમના લોકસેવા અને જાહેર જીવનમાં આપેલા અમૂલ્ય યોગદાનને માન આપી ભારત સરકારે વર્ષ 2021માં તેમને મરણોત્તર પદ્મભૂષણથી સન્માનિત કર્યા હતા.કેશુભાઈ પટેલનું સમગ્ર જીવન લોકકલ્યાણ, પારદર્શિતા, વિકાસ અને જનસેવાને સમર્પિત રહ્યું. તેમની જન્મજયંતિ નિમિત્તે અનેક રાજકીય, સામાજિક અને જાહેર જીવન સાથે જોડાયેલા અગ્રણીઓ તેમજ નાગરિકોએ તેમને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પી છે.

કે.ડી. NEWS

તારીખ : 24/07/2026

# અમરેલી જિલ્લા ખાતે રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

## પ્રિ-ઈન્ડીપેન્ડન્સ ડે એક્ટિવિટી અંતર્ગત સિંગીંગ (રાષ્ટ્રીય ગીતો), હેરિટેજ ફોટોગ્રાફી તથા પ્રદર્શન સ્પર્ધાનું આયોજન

અમરેલી તા. ૨૪ જુલાઈ,૨૦૨૬ - અમરેલી જિલ્લા ખાતે યોજાનાર રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી દરમિયાન પ્રિ ઈન્ડીપેન્ડન્સ ડે એક્ટિવિટી અંતર્ગત, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી અમરેલી દ્વારા, આગામી તા. ૦૭/૦૮/૨૦૨૬ના રોજ સિંગીંગ સ્પર્ધા તથા તા. ૧૦/૦૮/૨૦૨૬ના રોજ હેરિટેજ ફોટોગ્રાફી સ્પર્ધા તથા પ્રદર્શન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માંગતા ભાઈઓ - બહેનોએ તા. ૦૫/૦૮/૨૦૨૬ સુધીમાં પોતાની એન્ટ્રી(પ્રવેશ ફોર્મ) જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, પ્રથમ માળ, બ્લોક-સી, રૂમ નં.૧૧૦/૧૧૧, અમરેલી ખાતે રૂબરૂમાં/ટપાલથી પહોંચતી કરવાની રહેશે. સ્પર્ધાના ફોર્મ કચેરીના બ્લોગ એડ્રેસ dydoamreli.blogpost.com પરથી મેળવી શકાશે. વધુ માહિતી માટે કચેરીના ફોન નં. ૦૨૭૯૨ ૨૨૩૬૩૦ પર સંપર્ક કરવો તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

તારીખ : 24/07/2026

# સુરીલા કંઠની અમર ગાયિકા હર્ષિદા રાવલની આજે પુણ્યતિથિ



ગુજરાતી સુગમ સંગીત અને લોકસંગીતને પોતાના મધુર કંઠથી સમૃદ્ધ બનાવનાર પ્રખર ગાયિકા હર્ષિદા રાવલની આજે પુણ્યતિથિ નિમિત્તે સંગીતરસિકો અને કળાપ્રેમીઓ તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યા છે.હર્ષિદા રાવલે ગુજરાતી સંગીતજગતમાં અનેક અવિસ્મરણીય ગીતો ગાઈને લાખો લોકોના હૃદયમાં અવિનાશી સ્થાન મેળવ્યું હતું. તેમની ગાયકીમાં મધુરતા, સંસ્કાર અને ગુજરાતી સંસ્કૃતિની સુગંધ સ્પષ્ટપણે અનુભવાતી હતી. ભક્તિગીતો, લોકગીતો તેમજ સુગમ સંગીતના ક્ષેત્રમાં તેમણે આપેલું યોગદાન આજે પણ એટલું જ પ્રેરણાદાયી છે.તેમના સ્વરમાં ગવાયેલા અનેક ગીતો આજે પણ રેડિયો, ટેલિવિઝન અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગુંજી રહ્યા છે. તેમની ગાયકી નવી પેઢીના કલાકારો માટે પ્રેરણાનું અખૂટ સ્ત્રોત બની રહી છે.આજે તેમની પુણ્યતિથિના અવસરે વિવિધ સાંસ્કૃતિક સંસ્થાઓ, સંગીતપ્રેમીઓ અને ચાહકોએ તેમના ચિત્ર પર પુષ્પાંજલિ અર્પણ કરી તેમના સંગીતસાધના અને ગુજરાતી સંગીતક્ષેત્રમાં આપેલા અવિસ્મરણીય યોગદાનને કૃતજ્ઞતાપૂર્વક યાદ કર્યું."કલાકાર શરીરથી વિદાય લે છે, પરંતુ તેની કલા સદાય અમર રહે છે." હર્ષિદા રાવલનું સંગીત પણ આવનારી પેઢીઓ સુધી ગુજરાતી સંસ્કૃતિને પ્રેરણા આપતું રહેશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 24/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
## ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ



### New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

**અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.**

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

**લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838


કે.ડી NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 24/07/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ગુરૂદેવ કહે છે...

"જેના ઘરમાં પશ્ચિમની જ બારી હોય છે એને જેમ સૂર્યોદયનાં દર્શન નથી જ થતા તેમ જેની પાસે કેવળ દોષદૃષ્ટિ જ હોય છે એને ક્યારેય કોઈ પણ વ્યક્તિમાં રહેલ ગુણનાં દર્શન નથી જ થતાં.યાદ રાખજો, પૈસા સામે જ હોવા છતાં પૈસા ન દેખાય એ દરિદ્ર રહી જાય છે. ગુણ સામે જ હોવા છતાં ન દેખાય એ ?"




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 24/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 24/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




**હોલસેલ** ભાવે

નાની-મોટી

**ચીઠ્ઠી બુક**

---

## વિદ્યાર્થીઓ માટે



**રફ ચોપડા**

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

---

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 24/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 24/07/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923
KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| | | | |
|---|---|---|---|
| 76K | 53K | 38K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**